જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.30/06/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૦૬૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૦૯૫ | ૧૮ | ૯૧૧૩ | ૧૫૧૬૫ | ૧૪ | ૧૫૧૭૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૭ | ૦ | ૪૨૫૭ | ૫૭૭૩ | ૦ | ૫૭૭૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૧ | ૦ | ૪૧ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૧૨૮ | ૧૮૦ | ૧૦૩૦૮ | ૧૦૯૭૨ | ૧૩૫ | ૧૧૧૦૭ |
| | કુલ | ૨૩૫૨૧ | ૧૯૮ | ૨૩૭૧૯ | ૩૨૧૧૩ | ૧૪૯ | ૩૨૨૬૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૫૨ | ૭૯,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૧૦૭ | ૧૦,૨૧,૪૦૦/- |

# અપહરણકર્તા આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## અપહરણકર્તા આરોપી તથા ફરીયાદીની સગીરવયની બાળાને ખુબ જ ટુંક સમયમાં શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે અનુસંધાને અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પાર્ટ - A.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૫૧૭/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એકટ કલમ ૩,૪,૫(એલ),૬,૮,૯(એલ),૧૦, ૧૧(૬), ૧૨ મુજબ ના ગુનાના કામે ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ. ૧૬ વર્ષ ૧ માસ નાની ને આ કામના આરોપી અખીલેશ પ્રેમલાલ બર્મન રહે, પ્લોટ નં. ૭૨ ક્રિષ્ણનગર વિભાગ - ૧ સર્વે નં. ૧૯૦ મારીયાપાર્કની બાજુમાં રાણીપુર ગામ નારોલ અમદાવાદ તથા મુળ ગામ - ગનીયારી કટંગીરીયા મોરાઇ ચોક જબલપુર મધ્યપ્રદેશ નાનો ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવા અથવા જારકર્મ કરવાના ઇરાદે ભગાડી તા. ૨૫/૦૬/૨૦૨૦ ના રોજ લઇ ગયેલ હોય જે ગુનાની તપાસ દરમ્યાન આરોપી ફરીયાદીની સગીરવયની દીકરીને તેમના રહેણાંક મકાન નજીક મુકીને તા. ૨૮/૦૬/૨૦૨૦ ના રોજ ભાગી ગયેલ હોય જેથી અત્રેથી અલગ અલગ ટીમો બનાવી હ્યુમન શોર્સિસ તેમજ મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા મોબાઇલ ફોનટાવરનું એનાલિસીસ કરી ખંતપુર્વક તપાસ કરી આરોપીને આજરોજ તા. ૨૯/૦૬/૨૦૨૦ ના રોજ પકડી પાડેલ હોય અને હાલમાં ચાલતા કોરોના વાયરસ સબંધે નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ આરોપીનો કોરોના અંગેની સારવાર કરાવવી જરૂરી હોય જેથી આરોપીની કોરોના અંગેની સારવાર કરાવવા માટે તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ</u> :-

૧. પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર. ૨. અ.મ.સ.ઇ. વિક્રમસિંહ માનસિંહ બ.નં ૮૧૫૯ પી.આઇ. પર્સનલ સ્ટાફ ૩. લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧ પી.આઇ. પર્સનલ સ્ટાફ



# પેરોલ જમ્પ કરેલ આરોપીની અટકાયતની વિગત

## શાહપુર પોલીસ સ્ટેશન :-

## પેરોલ ફર્લો જમ્પ કરેલ આરોપી ને પકડી પાડતી શાહપુર પોલીસ

ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-01 સાહેબ તથા DCP શ્રી ઝોન-02 સાહેબ તથા ACP શ્રી "C" ડિવિઝન સાહેબ નાઓ તરફથી નાસતા ફરતા તથા પેરોલ જમ્પ કરેલ આરોપીઓને પકડવા આપેલ સુચના આધારે શાહપુર પોલીસ ઇન્સપેકટર શ્રી આર. કે. અમીન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી એસ.આર.બલાત તથા મ.સ.ઈ શકતાભાઈ જકશીભાઈ બ.નં.૫૩૯૪ તથા મ.સ.ઈ રણજીતસીહ તખતસીહ બ.નં.૭૫૦૯ તથા મ.સ.ઈ ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ તથા અ.હેડ.કોંસ જાવેદખાન અખ્તરખાન તથા પો.કો રોનકસિહ સુરેશભાઈ તથા પો.કો જીતેશકુમાર રમેશભાઈ તથા પો.કો દિવ્યરાજસીહ નીરુભા તથા પો.કો પ્રીયવદન મનુભાઈ તથા પો.કો ગીરીશકુમાર પુંજાલાલ તથા પો.કો ઈસ્વરભાઈ માલસુરભાઈ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગ મા હતા દરમ્યાન શાહપુર ચકલા ખાતે આવતા સાથેના મ.સ.ઈ શકતાભાઈ જકશીભાઈ તથા પો.કો રોનકસિહ સુરેશભાઈનાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે પેરોલ ફર્લો જમ્પ કરેલ કેદી રઘુવીરસીહ ઉર્ફે નાનકો ખુમાનસિહનાઓ પોતાના ઘરે રાત્રીના આવનાર છે. જે બાતમી હકીકત મળતા સાથેના સ્ટાફના માણસોને સમજ કરી સ્ટાફના માણસો સાથે સદરુહ હકીકત વાળા મકાને વોચમા રહી રાત્રીના કલાક ૨૦/૪૫ વાગે ના અરસામા આ કામનો પેરોલ ફર્લો જમ્પ કરેલ આરોપી પોતાના ઘરે આવતા સ્ટાફની મદદથી પકડી પાડી મજકુર ઈસમનુ નામઠામ પુછતા તેનુ નામ રઘુવીરસિહ ઉર્ફે નાનકો સ/ઓ ખુમાનસિહ ગોહીલ ઉ.વ.૪૨ ધંધો.રીક્ષા ડ્રાઈવર રહે.મ.નં.૩૦૦૨,વનમાળી વાકાની પોળ,પાછલી પોળ,શાહપુર, અમદાવાદ શહેર વાળો શાહપુર પો.સ્ટે ના ગુનામા **સાબરમતી જેલમા આજીવન સજા ભોગવતો** હોય અને મજકુર કેદી તા.૨૫/03/૨૦૨૦ ના રોજ દિન.૧૪ ના ફર્લો રજા પર ઘરે આવેલ અને તા.૦૯/૦૪/૨૦૨૦ના રોજ હાજર નહી થઈ નાસતો ફરતો હોય જે પેરોલ ફર્લો જમ્પના આરોપી ને પકડી પાડી સર્વેલંસ ટીમે મજકુર આરોપી ને જેલ હવાલે કરવા આગળની કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે. જે પેરોલ ફર્લો જમ્પ કરેલ આરોપી ને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૨૯/૦૬/૨૦૨૦



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## ગણનાપાત્ર જુગારનો કેસ શોધી ૧૪ ઇસમોને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા પો.ઈન્સ.શ્રી સા.ની સુચના આધારે તા.૨૮/૦૬/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે "શાહીબાગ, નિલકંઠ મહાદેવની ચાલીમાં મંદિપસિંહ ગંભીરસિંહ ચૌહાણ ભાડે રાખેલ મકાનમાં કેટલાક બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમાડે છે" જે હકીકત આધારે ના.પો.કમિ.શ્રી ઝોન-૪ સા.ની કચેરીથી જુગારધારા કલમ-૬ મુજબનું વોરંટ મેળવી રેઇડ કરતા ૧૪ ઇસમો જુગારના સાધનો સાથે મળી આવતા તેમના વિરુધ્ધમાં ધી જુગારધારા કલમ-૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કલાક.૧૮/૧૫ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીઓના નામ ;-** (૧) મંદિપસિંહ સ./ઓ.ગંભીરસિંહ મહેરાવતસિંહ ચૌહાણ ઉ.વ.૨૭ રહે-મ.નં.૪૭૬ માતરભવાની વાવની ચાલી, અસારવા,શાહીબાગ,અમદાવાદ શહેર +૧૩=૧૪

**મુદ્દામાલ ;-** અંગઝડતીમાંથી મળેલ રોકડા રૂ.૧૭૦૭૦ તથા દાવના નાણા રૂ.૧૩૫૦તથા અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૧૦ જેની કિ.રૂ.૩૫૬૦૦ તથા ગંજીપાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ તથા વ્હીકલ નંગ-૦૨ જેની કિં.રૂ.૩૫,૦૦૦ જે તમામ મળી કુલ્લે રૂ.૮૯૦૨૦/- ની મત્તાનો

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.જીતેંદ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.ભુપેન્દ્રકુમાર કરશનભાઈ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.મુકેશ સાંકાભાઇ બ.નં.૪૯૧૧





# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

**"ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ-૭૪ કિમત રૂ.૪૪,૪૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૫૦૦/- ના મુદામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી."**

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૨૯.૦૬.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા ના માર્ગદર્શન હેઠળ સ્ટાફના અહેકો રુઘનાથભાઈ સવજીભાઈ ,અહેકો જગતિસહ બળવંતસિહ, અહેકો જગદીશકુમાર કાંતીલાલ ,અહેકો મુકેશભાઈ રામાભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો જગદીશકુમાર કાંતીલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે

મકાન નંબર ૨૬ સહજાનંદ બંગલોઝ કોટેશ્વર રોડ મોઢેરા અમદાવાદ ખાતે પંચો સાથે રેઈડ કરી બે આરોપીઓ ને ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ.૭૪ કિ.રુ.૪૪૪૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કિ.રુ ૮૨૫૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પોસ્ટે ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૦૮૨૦૦૭૪૫/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬બી. ૬૫એઇ. ૧૧૬(૧)બી. ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** (૧) કિંજ્લ ઉર્ફે કરણ રમેશભાઈ જાદવ ઉ.વ. ૨૭ રહેવાસી- આઇ/૨૦૪ પંચશ્લોક રેસીડેંસી સત્યમેવ હોસ્પીટલ પાછળચાંદખેડા અમદાવાદ શહેર (૨) પ્રવીણ સદાભાઈ પરમાર ઉ.વ. ૫૭ રહેવાસી- સી/૧ દિવ્ય એપાર્ટમેન્ટ પક્વાન હોટલની પાછળ બોડકદેવ અમદાવાદ

**વોન્ટેડ :** અબ્દુલ મુતબીક ઉર્ફે મુન્નો ઉર્ફે કાળીયોઉર્ફે મુસ્તાક નામનો માણસ જેનુ પુરાનામઠામ જાણવા મળેલ નથી

**ગુનાની જગ્યા :** મકાન નંબર ૨૬ સહજાનંદ બંગલોઝ કોટેશ્વર રોડ મોઢેરા અમદાવાદ

**પકડાયેલ મુદામાલ :** (૧) ભારતીય બનાવટનો વિદેશી દારુની કાચની બોટલ નંગ.૭૪ કિ.રુ.૪૪૪૦૦/- (૨) રોકડા નાણા ૨૫૧૦૦/- (૩) મોબાઈલ ફોન નંગ ૦૪ કિ.રુ.૧૩૦૦૦/- મળી



# પાસાના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

## મિલ્કત સંબંધી આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ મિલ્કત સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૪૦૯/૨૦૨૦ તા.૨૯/૦૬/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી ફીરોજ અલીહુસેન શેખ ઉ.વ.૩૪ ધંધો.મજુરી રહે.અકબરનગરના છાપરા એસ.પી ઓફીસ પાછળ ગરીબનગર રખીયાલ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૨૯/૦૬/૨૦૨૦ ના ક.૨૧/૩૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૬૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૬૨ લીટર દેશી દારૂ, ૧૬૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૬૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૬૪/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** જીકેન સ/ઓ ઉપેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૨૫) (રહે.ગણેશધામ બંગ્લોઝ સોલા સીવીલ સામે એસ.જી.હાઈવે રોડ સોલા) એ તા.૨૯/૦૬/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ વાગ્યાથી ૧૫/૧૧ વાગ્યા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર +૯૧૯૪૦૯૫૯૮૧૪૭ ના ધારકે જીકેન પટેલના મોબાઈલ પર ફોન કરી " હું પ્રધાનમંત્રી સીવણ કલાસીસ તાલીમ કેન્દ્રમાંથી વાત કરુ છું અને અમારા સીવણ ક્લાસીસમાંથી તમને રૂપિયા ૧૮૦૦/- તથા એક સીવણ મશીન તથા એક પ્રમાણપત્ર મળવા પાત્ર થયેલ છે " તેમ જણાવી જીકેન પટેલ પાસેથી તેમના માતા-પિતાના બેન્કના ખાતા નંબર માટે પાસ બુકના પહેલા પેજનો તથા આધાર કાર્ડનો ફોટો માગી બન્નેના ખાતામાંથી નવ્વાણુ-નવ્વાણુ હજાર મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- ઓનલાઇન ટ્રાંન્ઝેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

**નવરંગપુરાઃ** પરલ હસમુખભાઇ શાહ (ઉ.વ.૫૪) (રહે. શિવાલીક બંગ્લોઝ મધુર હોલની બાજુમા, આનંદનગર સો ફુટ રોડ સેટેલાઇટ) એ તા.૨૯/૦૬/૨૦૨૦ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૧૯ થી માહે એપ્રીલ/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અનિલકુમાર દોલતભાઈ નિકમ (૨) મનોજ વ્રજલાલ ત્રિવેદી (બેંક એજન્ટ) અને (૩) ધવલ કિશોર પરીખે ફેડરલ બેંક આશ્રમ રોડ શાખા ખાતે બેંકમાંથી રૂપિયા ૮૪,૦૦,૦૦૦/- ની લોન પાસ કરાવી આપવાનો ભરોષો આપતા પરલ શાહ લોન લેવા માટે તૈયાર થતા પરલ શાહની સહીઓ લઈ કો-એપ્લીકન્ટ તરીકે પરલ શાહના પત્નીની સહીઓ લઈ ફેડરલ બેંકમાંથી રૂપિયા ૮૪,૦૦,૦૦૦/- હોમ લોન પાસ કરાવી હતી. ત્યારબાદ ઉપરોક્ત આરોપીઓએ એક્સ્ટ્રા વર્ક એગ્રીમેન્ટ નોટરીની સમક્ષ બનાવીને તે એગ્રીમેન્ટમા મનોજભાઇ નાઓએ પરલ શાહની ખોટી સહી કરીને ત્રણેય આરોપીઓએ બેંકમા રજુ કરીને પરલ શાહની લોનના રૂપિયા પૈકી રૂપિયા ૩૮,૫૦,૦૦૦/- તેઓના ખાતામા જમા કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.પરમાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૫/૨૦૨૦**

**રાણીપઃ** આશિષકુમાર મહેન્દ્રપ્રસાદ ગજ્જર (રહે.અદ્રવેત સોસાયટી રાધાસ્વામી રોડ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૦ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે બે પુરૂષ પોતાના મકાનમાં પ્રવેશ કરી ઘરમાંથી લેપટોપ તથા લેપટોપ પેન મળી કિમત રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી.બી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૬/૨૦૨૦**

**સરખેજઃ** ફકીરમહંમદભાઇ ઇબ્રાહીમભાઇ વોરા (ઉ.વ.૪૬) (રહે.અલફારૂક સોસયટી સુકુન સોસાયટી પાછળ મકરબા સરખેજ) એ તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૦ કલાક ૩/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- અને પેન્ટના ખીસામાંથી પર્સની ચોરી કરી લઈ ગઈ છે. પર્સમાં રોકડ રૂપિયા ૩૫૦૦૦/- તથા જરૂરી દસ્તાવેઝ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૭/૨૦૨૦**

**મણીનગરઃ** હર્ષાબહેન દિપકકુમાર ચેલયાણી (ઉ.વ.૩૮) (રહે. હરિભક્તિ એપાર્ટમેન્ટ ગુડલક હોલ સામે દક્ષીણી સોસાયટી) તા.૨૯/૦૬/૨૦૨૦ કલાક ૭/૫૫ વાગ્યાના સુમારે મણીનગર સરદાર પટેલ સોસાયટીની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ હર્ષાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ હર્ષાબહેન ચેલયાણીએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આઇ.રબારી ચલાવે છે.

**ઝેરી જીવજંતુએ ડંખ મારતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૮/૨૦૨૦**

**ચાંદખેડાઃ** ગીતાબહેન ડો/ઓ કાવાભાઈ રોત (ઉ.વ.૨૩) (રહે.કાસાદ સ્ટેટસ ચાંદખેડા) ને તા.૨૯/૦૬/૨૦૨૦ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હાથની આંગળી પર કોઈ ઝેરી જીવજંતુએ ડંખ મારતા શરીરે અસર થતા સારવાર માટે સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૮/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૯/૨૦૨૦**

**કાગડાપીઠઃ** અનિતાબહેન વા/ઓ જીગ્નેશભાઇ રાણા (ઉ.વ.૨૯) (રહે.લોધાની ચાલી બહેરામપુરા) તા.૨૯/૦૬/૨૦૨૦ કલાક ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની મોટરમાંથી પાણીની પાઇપ કાઢતા હતા ત્યારે પાણીની ટાંકીમા પડી ગયા હતા. સારવાર માટે તેમને વા.સા.હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૦/૨૦૨૦**

**વાડજઃ** અજય જીવણભાઇ દંતાણી (ઉ.વ.૨૪) (રહે. કુબેર જમાદારની ચાલી રબારી વસાહત રામાપીરનો ટેકરો નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખડની પાઇપ સાથે વાયર બાંધી ગળેફાસો ખાઇ અત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપાલસિહ રઘુવીરસિહ ચલાવે છે.

**રીવરફ્રંટ ઈસ્ટઃ** વસંતમલ ભાવનદાસ હિરાણી (ઉ.વ.૭૪) (રહે. શાંતિપ્રકાશ હોસ્પીટલની બાજુમા પાણીની ટાંકી પાછળ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૦ કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા ઇન્દિરાબ્રીજ પરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિશારઅહેમદ ઉસ્માનમીયા ચલાવે છે.

**શાહપુરઃ** રચનાકુમારી રોનકસિહ સિહ (ઉ.વ.૨૮) (રહે. એ-૨૪ આઠમો માળ રોયલ એર્પાર્ટમેન્ટ યુનિવર્સલ હોન્ડા શો રુમની બાજુમા ખાનપુર શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૦ સાજના ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "સી" ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી